# બાબા મુક્તાનંદનાં દર્શન અને તેમનું પ્રજ્ઞાન

૧. આપનું સન્માન કરો,
આપને પૂજો,
આપને ધ્યાઓ,
આપનો રામ આપમાં આપ થઈને રહે છે.

૨. *સદ્‌ગુરુનાથ મહારાજ કી જય!* ઘણા પ્રેમ અને સન્માનથી સૌનું હાર્દિક સ્વાગત. સન્માન સાથે બીજી વ્યક્તિનું સ્વાગત કરવું, સાચી માનવતા છે. આ જ જ્ઞાન છે. જ્યારે મનુષ્ય પોતાના અંતરમાં પરમાત્માનાં દર્શન કરે છે ત્યારે તે બીજાંઓમાં પણ પરમાત્માને જોવા લાગે છે.

૩. ગુરુ, મંત્રરૂપે સતત તમારા હૃદયમાં રહે છે. તેમને ત્યાં જ જુઓ — તેમની સાથે સંપર્ક બનાવી રાખવાની એ જ સૌથી ઉત્તમ રીત છે.

૪. મારા ગુરુદેવ કહ્યા કરતા, ‘‘ભગવાન એક છે અને તેઓ પ્રેમસ્વરૂપ છે.’’ તેથી, તમારે શીખવું જોઈએ કે તમારા પૂર્ણ હૃદયથી બીજાંઓનું સ્વાગત કેવી રીતે કરી શકાય. આ જ સર્વોચ્ચ ધર્મ છે.

૫. જ્યારે તમારી અંદર ‘તેને’ પામવાની તીવ્ર લલક હોય છે, જ્યારે તમારી અંદર તે પરમ સત્યને પામવાની તરસ હોય છે, ત્યારે તમારા પોતાના હૃદયમાં આ સત્ય સ્વયંને પ્રગટ કરે છે. એવું કયું સ્થાન છે જ્યાં આત્મા નથી? એવું કોણ છે જેનામાં આ આત્મા નથી?

૬. જેમજેમ મંત્ર તમારી અંદર અધિકાધિક સ્પંદિત થાય છે, મંત્રનું લક્ષ્ય — જે શુદ્ધ પ્રેમ છે — હૃદયમાં પ્રવાહિત થવા લાગે છે.

૭. આપણે પરમાત્માને પ્રાપ્ત કરવા માટે ધ્યાન નથી કરતાં પરંતુ તે પરમાત્માનાં દર્શન કરવા માટે ધ્યાન કરીએ છીએ જે પહેલાંથી જ પ્રાપ્ત છે.

૮. સાધના માટે તમને માત્ર દૃઢ પ્રયત્નની આવશ્યકતા છે. અને જો તમે તે દૃઢ પ્રયત્ન કરી શકો છો, તો તમે ગમે ત્યાં હો, તમારી સાધના સારી રીતે થશે. તેના માટે તમારે કોઈ આશ્રમમાં રહેવાની આવશ્યકતા નથી. સાધના માટે તમારામાં આત્મસાક્ષાત્કારની પ્રચંડ તડપ હોવી જોઈએ અને જો તમારામાં તે છે તો તમે કોઈ પણ જગ્યાએ સાધના કરી શકો છો.

૯. આપણું અસ્તિત્વ ચિતિમાં છે અને આપણે પાછા તેમાં જ વિલીન થઈ જઈએ છીએ. આપણે તે ચિતિ છીએ. આને જ સાધના કહેવાય છે.

૧૦. નામસંકીર્તન એક મહાન સાધના છે. એ રક્તને પ્રભાવિત કરે છે અને રક્તના માધ્યમથી શરીરની બીજી બધી ધાતુઓને પ્રભાવિત કરે છે. મહાન સિદ્ધો, આત્મસાક્ષાત્કાર પછી પણ, આનંદપૂર્ણ નામસંકીર્તન કરતા રહે છે. જો તમે પ્રેમથી નામસંકીર્તન કરો તો તે 'નામ' જ તમને તેના અર્થ સુધી લઈ જાય છે.

૧૧. એ શક્તિ જે તમારી અંદર જાગ્રત થઈને ક્રિયાશીલ થઈ જાય છે, તે જ સાચી ગુરુ છે. એવું ન વિચારો કે ગુરુ, શક્તિ અને મંત્ર એકબીજાથી ભિન્ન છે. તેઓ એક જ છે. દઢતા, સ્થિતપ્રજ્ઞા અને પ્રેમ સાથે ધ્યાન કરો, એ અનુભવ કરતાં રહીને કે ગુરુ તમારા અંતરમાં નિવાસ કરે છે.

૧૨. આ યોગમાં નામસંકીર્તનની મહાનતમ ભૂમિકા છે; એ એક ચુંબક છે જે પરમાત્માની શક્તિને ખેંચે છે. નામસંકીર્તન, ધ્યાનને સરળ બનાવે છે. અંતરસ્થ કુંડલિની શક્તિ, નામસંકીર્તનથી ઘણી પ્રસન્ન થઈ જાય છે. એ જાણવા માટે કે એ કેટલું પ્રભાવશાળી છે, તમારે નામસંકીર્તન કરવું જોઈએ.

૧૩. આજે પ્રેમનો દિવસ છે, એટલા માટે હું તમારા બધાંનું ઘણા પ્રેમથી સ્વાગત કરું છું, કારણ કે બધાંને પ્રેમ કરવો, મારી પૂજા છે. મારી પાસે પૂજાનું બીજું કોઈ સાધન નથી. હું તમને પ્રેમ કરું છું.

૧૪. જો તમરામાં ગુરુ પ્રત્યે પૂર્ણ ભક્તિ, આદર અને પ્રેમ છે, તો એમાં જરા પણ સંશય નથી કે તમને એ બધું મળશે જે ગુરુ પાસે આપવા માટે છે.

૧૫. જેમણે પોતાનામાં જગતને
અને જગતમાં પોતાને જોયા
અને ચરાચર જગતમાં તે 'એક'ને જોયો;
મુક્તાનંદ! તે જ એક સિદ્ધ છે.

૧૬. ગુરુ કરુણાપૂર્ણ છે, જો તમે તેમનામાં પોતાને લય કરી દો, તો તમે પણ કરુણાથી ભરાઈ જશો. પ્રેમથી, તેઓ તમારા પોતાના છે એ ભાવથી પોતાને તેમનામાં ડૂબી જવા દો.

૧૭. તમે જ તે છો જેને તમે ધ્યાનમાં જુઓ છો અને અનુભવ કરો છો અને જેને એ બોધ થાય છે કે ધ્યાનમાં તમારી સાથે શું થઈ રહ્યું છે. જે સતત વિદ્યમાન છે, તેને શોધવાનો પ્રશ્ન જ ક્યાં ઊઠે છે?

૧૮. અંતર જગત મહાન છે, તે વિશાળ છે, તે દિવ્ય છે — અને ધ્યાન દ્વારા એ જગતને જાણી શકાય છે.

૧૯. અભિનવગુપ્તના ‘તન્ત્રાલોક’માં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે બધું જ શિવ છે. આ કારણે, આ બોધના અભ્યાસ દ્વારા સમદૃષ્ટિનો ઉદય થવો ઘણો સ્વાભાવિક છે. વસ્તુતઃ જ્યારે બધું જ શિવ છે, તો દરેક વસ્તુને શિવના રૂપમાં જોવી શું એટલું મુશ્કેલ છે? આપણે આપણા રૂઢિગત દૃષ્ટિકોણને બદલવો જોઈએ. ત્યારે આપણે સુખી થઈ જઈશું.

૨૦. વેદાંતમાં એક પ્રશ્ન છે : ‘‘મનુષ્યને વેદાંતની શું આવશ્યકતા છે? મનુષ્ય કેવી રીતે વેદાંતનો ઉપયોગ કરે છે?’’ જે ઉત્તર આપવામાં આવ્યો છે, તે આ છે : ‘‘હું વેદાંતનું અધ્યયન કરું છું જેથી હું મારા બધાં દુઃખો અને કષ્ટોથી મુક્તિ મેળવી શકું અને મારા અંતરમાં સહજ પરમાનંદને પ્રાપ્ત કરી શકું.’’ આપણે જ્ઞાન મેળવીએ છીએ જેથી આપણે પોતાનામાં તૃપ્ત થઈ શકીએ, જેથી આપણે મુક્ત થઈ શકીએ અને શાંતિનો અનુભવ કરી શકીએ.

૨૧. હું આ સંસારને સંતોથી ભરેલો જોવા માંગું છું. હું બધાંને સુખી જોવા માંગું છું. દરેક વ્યક્તિ સતત આનંદમાં રહે અને તેને સ્વપ્નમાં પણ દુઃખ ન હોય. પરમાત્માને આ જ મારી અંતિમ ઇચ્છા છે.

૨૨. જે ક્ષણે તમને તમારા અંતરમાં પરમાત્માનો બોધ થાય છે, તમે આ સંપૂર્ણ સંસારને સ્વર્ગસમાન જોવા લાગો છો.

૨૩. ગુરુકૃપાને શક્તિપાતના રૂપમાં પણ ઓળખવામાં આવે છે જેને માત્ર સિદ્ધગુરુ જ સંપ્રેષિત કરી શકે છે. તેમનામાં ભક્તને દિવ્યતાનો અનુભવ પ્રદાન કરવાનું સામર્થ્ય હોય છે. એ એકદમ સત્ય છે કે જ્યાંસુધી પૂર્ણરૂપે સામર્થ્યવાન ગુરુની કૃપા દ્વારા શક્તિપાત પ્રાપ્ત નથી થતો, ત્યાંસુધી વ્યક્તિને પૂર્ણ અંતર સમાધાન મળવું શક્ય નથી.

૨૪. ગુરુ આપે તો લેવું,
ગુરુ લે તો આપવું,
ગુરુના જ થઈને રહેવું,
મુક્તાનંદ! એ ગુરુભક્તિનાં લક્ષણ છે.

૨૫. આ સર્વથા નિશ્ચિત છે કે આત્મા આનંદપૂર્ણ છે. . . એકવાર અંતરમુખી થઈને તે આનંદને પ્રાપ્ત કરી લેવાથી, વ્યક્તિ જ્યારે ફરીથી બહિર્મુખી થાય છે ત્યારે તે બધાંમાં તે જ આનંદનો અનુભવ કરે છે. જ્યારે તે લોકોને આ બોધ સાથે જુએ છે કે તેઓ પણ આનંદથી ભરેલાં છે, ત્યારે તે સમાધિ સુખને પ્રાપ્ત કરે છે.

૨૬. કેટલો દિલમાં ખુશ છું હું.
કેટલો હસતો, નાચતો, કૂદતો,
પરામસ્તીમાં પૂર્ણ મસ્ત રહું છું.
મુક્તાનંદ! જ્યારે હૃદયમાં નિત્યાનંદ પ્રગટ થયા
તો આવી ગતિ પ્રાપ્ત કરી.

૨૭. તમારે તમારા મનને ''શિવોઽહમ્,'' ''હું શિવ છું'' અને ''સોઽહમ્,'' ''હું 'તે' છું,''ના ભાવમાં લીન રાખવું જોઈએ. તમારી એ સમજ હોવી જોઈએ, ''આ પરમાત્મા છે જે ધ્યાન કરી રહ્યો છે. મારા ધ્યાનનાં બધાં તત્ત્વ પરમાત્મા છે. મારું ધ્યાન સ્વયં પરમાત્મા છે.'' આ બોધ હોય તો તમે ક્યાંય પણ, ક્યારે પણ, પોતાની સાધના કરી શકો છો.

૨૮. શૈવદર્શન અનુસાર, જ્યારે સાધક કુંડલિની શક્તિનાં બળને પ્રાપ્ત કરી લે છે ત્યારે તે અસીમિત રૂપથી વિસ્તૃત થઈને સંપૂર્ણ વિશ્વને પોતાની અંદર આત્મસાત્ કરી લે છે; તે સંપૂર્ણ વિશ્વને પોતાના આત્મામાં જોઈ શકે છે. તે શિવની સાથે એકરૂપ થઈને શિવ જ બની જાય છે.

૨૯. સિદ્ધ એ છે જે મુક્તિયોગના અભ્યાસ દ્વારા પરમ મુક્તિની સ્થિતિમાં પહોંચીને, હંમેશ માટે તેમાં પ્રતિષ્ઠિત થઈ જાય છે.

૩0. ગુરુસેવા, અણમોલ છે. તે અમૂલ્ય છે. તમે બીજી કોઈપણ વસ્તુનું મૂલ્ય નિર્ધારિત કરી શકો છો, પરંતુ તમે ગુરુસેવાનું મૂલ્ય નિર્ધારિત નહીં કરી શકો. ગુરુસેવા કર્યા પછી જ, ગુરુને સેવા અર્પિત કર્યા પછી જ, તમે આત્માનુભૂતિ અને આત્મપ્રાપ્તિ કરો છો.

૩૧. તમારી દૃષ્ટિને બદલો. ધ્યાનમાં વધુ ને વધુ ઊંડા ઊતરતા રહીને ત્યાં પહોંચો જ્યાં અસાધારણ પરમાનંદની સ્થિતિ તમારી પ્રતીક્ષા કરી રહી છે. જ્યારે તમે તે સ્થિતિ સુધી પહોંચશો, ત્યારે તમે તે જ બની જશો. તમે એ જાણી લેશો, ''હું તે છું,'' ''સોઽહમ્.''

© ૨૦૧૭ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.